જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૦/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૫૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૯૨	૩	૧૧૬૯૫	૧૭૮૦૩	૩	૧૭૮૦૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૬	૦	૧૧૬	૩૯૩	૦	૩૯૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૨૩૪૨	૩૫	૭૨૩૭૭	૭૩૩૬૭	૩૭	૭૩૪૦૪
કુલ		૮૮૮૮૩	૩૮	૮૮૯૨૧	૯૭૮૪૫	૪૦	૯૭૮૮૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૭	૪,૯૬,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૦૯	૭,૦૯,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૫૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૨૯ લીટર દેશી દારૂ, ૫૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૮ ક્વોટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૦૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૫૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૮૫૮/૨૦૨૧**

મેઘાણીનગરઃ રવિભાઇ છનાભાઇ વાઘેલા (ઉ.વ.૨૪) (રહે.બ્લોક નં.૨/૧૮૧૭, વિલાશી કોલોની, આઇ.જી.પી.કમ્પાઉન્ડ, મેઘાણીનગર) એ તા.૧૧/૧૦/૨૦૨૧ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૮/૨૦૨૧ નારોજ જસ્ટડાયલ નંબર ૮૮૮૮૮૮૮૮૮૮ ઉપરથી રવિભાઈના મોબાઈલ ઉપર લોનની જરૂરીયાત હોય તો લોન આપવા બાબતનો ફોન આવતા રવિભાઈએ લોન લેવાનુ જણાવતા ફોન પર વાત કરનાર વ્યક્તિએ લોન પાસ કરાવી આપવાનુ જણાવી રવિભાઈ પાસેથી લોન પ્રોસેસ પેટે ગુગલ પે નંબર આપી અલગ-અલગ ચાર્જ જણાવી તેઓના ખાતામાં કુલ રૂપિયા ૫૦,૨૦૦/- ઓનલાઇન ભરાવડાવી લોન પાસ નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એલ.ચૌહાણ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૮૫૯/૨૦૨૧**

રામોલઃ જાદવભાઇ કાનજીભાઇ ઠાકોર (રહે. ગોકુલનગર વિભાગ-૧ સુરેલીયા રોડ વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૦/૨૦૨૧ રાતના ૧૧/૩૦ થી તા.૧૧/૧૦/૨૦૨૧ કલાક ૫/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમયાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરી લોક તોડી તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૮૬૦/૨૦૨૧**

ઓઢવઃ સુષ્મેશ વિશ્વાસભાઈ શુક્લ (રહે. સુર્યમ સ્કાય એલ.પી.સવાણી સ્કુલ સામે કેનાલ રોડ પાલનપુર ગામ સુરત) એ તા.૧૧/૧૦/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૦/૨૦૨૧ સાંજના ૬/૦૦ થી તા.૦૬/૧૦/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ સીંગરવા વેપારી મહામંડળ શેડ નંબર-૬૦ એક્વાકેમ પ્રા.લી.નામના કારખાના આગળ પાર્ક કરેલ માલ ભરેલ ટ્રકની તાડપત્રી કાપી એલ્યુમીનીયમ ઇન્ગોટના નંગ-૮૮ કિમત રૂપિયા ૫,૭૮,૪૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પટેલ ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ- **સમાચાર યાદી નં.૧૮૬૧/૨૦૨૧**

રાણીપઃ ધર્મિષ્ઠાબહેન વા/ઓ ભરતભાઇ પ્રજાપતિ (ઉ.વ.૫૦) (રહે. અજીતનાથ સોસાયટી સ્વામિનારાણય મંદિર પાસે રાણીપ) તા.૧૧/૧૦/૨૦૨૧ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે રાણીપ બલોલનગર અજીતનાથ સોસાયટીના ગેટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ પુરૂષ ધર્મિષ્ઠાબહેન પ્રજાપતિના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ધર્મિષ્ઠાબહેન પ્રજાપતિએ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ચૌધરી ચલાવે છે.

ત્રીજા માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૮૬૨/૨૦૨૧**

ચાંદખેડાઃ ચાંદખેડા તેજેન્દ્રનગર-૭ પાસે નવી બનતી સાઇટ દેવ હોમટાઉન-૪ ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા રણજીતસિંહ રામસિંહ ચૌહાણ (ઉ.વ.૩૮) (મુળ વતન. લક્ષ્મણપુરા પોસ્ટ-સુંદરપુર તા-જી.ડુંગરપુર રાજસ્થાન) તા.૧૧/૧૦/૨૦૨૧ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે દેવ હોમટાઉન-૪ સાઇટના આઈ બ્લોકના ત્રીજા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્ર ભગવારાવ ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૮૬૩/૨૦૨૧**

ઓઢવઃ ઓઢવ અંબિકાનગર સામે જી.આઇ.ડી.સી. લાબેલ હોટલની બાજુમાં મેટ્રીક્સ ફાર્મા કેમ્પ પ્લોટ.૯૦ ખાતે રહેતા અને કારખાનામાં કામ કરતા નરેશભાઇ રામજીભાઇ નિનામા (ઉ.વ.૩૯) (મુળ વતન. ગામ-વીરપુર તા.ભીલોડા જી.અરવલ્લી) તા.૧૧/૧૦/૨૦૨૧ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે કારખાનામાં સ્ટ્રે ડાયર દરવાજા બંધ કરી લોખડના ચાવી પાના વડે બોલ્ટ બંધ કરવા જતા વિજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગણપતભાઇ નટવરભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૮૬૪/૨૦૨૧**

સાબરમતીઃ કાશ્મીરાબહેન કમલેશભાઇ રામી (ઉ.વ.૫૫) (રહે. કૌટીલ્ય ફ્લેટ ડી-કેબીન સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૦/૨૦૨૧ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને પંચશીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઇન્દ્રસિંહ પ્રવિણસિંહ ચલાવે છે.

વટવાઃ વિમળાબહેન વા/ઓ રમેશચંદ્ર ચૌહાણ (ઉ.વ.૭૦) (રહે. સાઇંબાબા એપાર્ટમેન્ટ પ્લેટીનમ કોમ્પલેક્ષ સામે વટવા) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૦/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૧૦/૨૦૨૧ રાતના ૨/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

નારોલઃ રાજીતારામ લેલુભાઇ કોરી (ઉ.વ.૩૨)(રહે.ઉમંગ ફ્લેટ-૭, હાઇફાઇ ચાર રસ્તા પાસે, રંગોલીનગર નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૨૦૨૧ કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૧૦/૨૦૨૧ બપોરના ૧૨/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.